SGCCI દ્વારા DGVCL અને GETCO સાથે ઓપન હાઉસ યોજાયું

વીજળી ડુલની સમસ્યા નિવારવા DGVCL કેબલ વોચર શરૂ કરશે

ઔદ્યોગિક વિસ્તારોમાં અન્ડરલાઇન નેટવર્ક માટે રૂ.૧૨૦૦ કરોડનું ફંડ ફાળવાયું : DGVCL

સુરતઃ ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી દ્વારા SIECC કેમ્પસ, સરસાણા, સુરત ખાતે દક્ષિણ ગુજરાત વીજ કંપની લિમિટેડ (DGVCL) અને ગુજરાત એનર્જી ટ્રાન્સમીશન કોર્પોરેશન લિમિટેડ (GETCO)ના અધિકારીઓ સાથે ઓપન હાઉસનું આયોજન કરવામાં આવ્યું હતું.

ચેમ્બર ઓફ કોમર્સના પ્રમુખ વિજય મેવાવાલાએ જણાવ્યું હતું કે, દક્ષિણ ગુજરાતના ઉદ્યોગ સાહસિકો દ્વારા રજૂ કરાયેલા મોટાભાગના પ્રશ્નોમાં સચિન જીઆઈડીસી, કીમ, પીપોદરા અને માંગરોળ ઈન્ડસ્ટ્રીયલ વિસ્તારમાં સબ સ્ટેશનની અછત, ઓછી મેન પાવર, વારંવાર ફોલ્ટ, કેબલમાં બ્રેકને કારણે પાવરકટ તથા સોલાર રૂફટોપમાં વધારાનું બિલ, સ્ટ્રેન્ધનીંગ ચાર્જ અને સેટઓફ સંબંધિત પ્રશ્નોનો સમાવેશ થાય છે.ડીજીવીસીએલના ચીફ એન્જીનિયર એમ.જી. સુરતીએ જણાવ્યું હતું કે, સચિન જીઆઈડીસી વિસ્તારમાં ઓવર લોડીંગને કારણે વીજ તારોમાં ફોલ્ટ થાય છે. જેસીબી દ્વારા ખોદકામ દરમિયાન કેબલ બ્રેક થવાને કારણે વીજળી ડુલ થઈ જાય છે, આથી તેમણે કેબલ બ્રેકની સમસ્યાના નિરાકરણ માટે રૂટ માર્કર મૂકવાની અને કેબલ વોચર શરૂ કરાવવાની જાહેરાત કરી હતી. ઔદ્યોગિક વિસ્તારોમાં અન્ડરલાઈન નેટવર્ક માટે રૂ.૧૨૦૦ કરોડનું ફંડ ફાળવાયું છે, જેથી અન્ડરલાઈન કેબલ નેટવર્કની દિશામાં કામગીરી શરૂ થઈ ગઈ છે. કીમ-પીપોદરા ઈન્ડસ્ટ્રીઝમાં ઓછા કેવીના સબ સ્ટેશન હોવાથી ઈન્ડસ્ટ્રીયલ એકમોને પૂરતા પાવર સપ્લાયની સમસ્યા વર્ષોથી રહેલી છે. આ સમસ્યાનું નિરાકરણ પણ ડીજીવીસીએલ દ્વારા લાવવામાં આવશે. પીપોદરા ૩ નંબર ખાતે આ વર્ષે ૬૬ કેવીનું સબ સ્ટેશન લાગી જશે. કીમ નજીકના વિસ્તારાં સબ સ્ટેશન બનાવવામાં આવી રહ્યું છે, આથી કીમ ઈન્ડસ્ટ્રીની સમસ્યાનું નિરાકરણ આવી જશે. બીજી તરફ, સુરતમાં ચોર્યાસી અને પલસાણામાં સરકારી જમીન નહીં હોવાથી સબ સ્ટેશન લગાવવા માટે ખાનગી જમીન શોધવાની પ્રક્રિયા ચાલી રહી છે.

કોસાડ, પાંડેસરા અને ગોડાદરામાં બાકી રહેલાં કામો પૂર્ણ થવાની આરે છે: જેટકો

જેટકો ટ્રાન્સમીશનના ચીફ એન્જિનીયર કે.એચ. રાઠોડે જણાવ્યું હતું કે, ૨૦૨૫-૨૬માં ૧૫થી ૧૬ નવા સબ સ્ટેશન આવી રહ્યાં છે. ૨૨૦ કેવીના સબ સ્ટેશન માટે ખજોદ, વેલંજા જેવા વિસ્તારો પ્લાનિંગમાં છે. કોસાડ, પાંડેસરા અને ગોડાદરામાં બાકી રહેલા કામો પૂર્ણ થવાની આરે છે, ત્યારે ઓવરલોડીંગ, સ્ટ્રેન્ધનીંગ અને પાવર સપ્લાયની સમસ્યાનું વહેલી તકે નિરાકરણ લાવીશું. જેટકોના ભરૂચ રિજીયનના એડિશનલ ચીફ એન્જિનીયર પન્નાબેન નાયકે જણાવ્યું હતું કે, આખો પ્લાન જેટકો દ્વારા કરવામાં આવે છે એમાં ઉદ્યોગકારો માટે ૧૯૩ પેનલની સામે ૧૭૪ પેનલ વર્ષ ૨૦૨૪-૨૫માં ફાળવવામાં આવી છે. જ્યારે આવતા વર્ષ માટે ૫૭ પેનલ એડવાન્સમાં આપી દીધી છે. સુરત અને ભરૂચ માટે ૧૪ લીન્કલાઇન કરી છે. ખજોદ સહિતના વિસ્તારોમાં ડિજિટલ વર્ટીકલ હાઇ ટેકનોલોજીવાળા સબ સ્ટેશન આવી રહ્યા છે.

ઓપન હાઉસમાં ઉદ્યોગ સાહસિકોએ સુરત શહેર-જિલ્લાના સંખ્યાબંધ પ્રશ્નો રજૂ કર્યા

» માંગરોળ, મોટા બોરાસરા, કીમ - પીપોદરા ઇન્ડસ્ટ્રીઝમાં ૬૬ કેવીના નવા સબ સ્ટેશનો લગાવવા જોઇએ. નવા કનેક્શનો માટે ફ્રી લેવી જોઇએ નહીં. મોન્સુનમાં સમસ્યા ઉભી નહીં થાય તે માટે વહેલી તકે અન્ડરગ્રાઉન્ડ કેબલીંગ ઝડપથી કરવી જોઇએ.

» કીમ ઇન્ડસ્ટ્રીઝમાં ૨૨૦ કેવીના સબ સ્ટેશનની માંગ છે, પરંતુ ૧૦૦ કેવીમાંથી માત્ર ૧૬૦ કેવી કરવામાં આવ્યું છે.

» સચિન જીઆઇડીસીમાં લક્ષ્મી ઇન્ડસ્ટ્રીયલ પાર્ક અને ડાયમંડ પાર્ક અલગ અલગ છે, પરંતુ તેમની જરૂરિયાત મુજબ ડીજીવીસીએલએ નવા સબ સ્ટેશન માટે જગ્યા માંગી નથી, જેને કારણે ઓવરલોડીંગ થાય છે. સચિન જીઆઇડીસીના સબ સ્ટેશનમાંથી શેડીંગ કરવામાં આવે છે, સ્ટાફની અછત છે.

» સચિન જીઆઇડીસીમાં જેટકોને જગ્યા શોધીને આપી છે, તેમ છતાં બે વર્ષથી ત્યાં નવા સબ સ્ટેશનનું કામ પેન્ડીંગ છે.

» કીમ ડિવીઝનમાં સમસ્યા છે, રૂફટોપમાં બિલીંગ થતું નથી, આથી લોકો કંટાળીને સોલાર નાંખતા નથી. સિસ્ટમ સ્ટ્રેન્ધનીંગ ચાર્જ લેવામાં આવે છે. ૧ મેગાવોટ પર રૂ.૨૦ લાખનો ચાર્જ લેવામાં આવે છે, જે પહેલા રૂપિયા ૫૦ હજાર હતો.

» કીમ પીપોદરામાં ગ્રાઉન્ડ માઉન્ટીંગ સોલાર સ્ટ્રક્ચર માટે નવા મીટર લાગતા નથી. આ સિસ્ટમની મર્યાદા એક વર્ષ સુધીની હોય છે, મીટર નહીં લાગવાને કારણે સમયમર્યાદા પૂરી થઇ જાય છે.

» ચોર્યાસીની અલ્પાઇન ઇન્ડસ્ટ્રીમાં લો વોલ્ટેજની સમસ્યા છે. રજૂઆત બાદ ટેમ્પરરી સોલ્યુશન આવ્યું પણ ત્યારબાદ દરરોજ બેથી ત્રણ વખત વીજળી જાય છે. માર્ચ મહિનો આખો ખરાબ ગયો, જેને કારણે ઉદ્યોગકારોને નુકસાન થયું છે, આથી ૬૬ કેવીના સબ સ્ટેશનનું કામ ઝડપથી આગળ વધારવા રજૂઆત કરાઇ હતી.

» પાંડેસરા અને સચિનના એકમ ધારકોને લોડ વધારવો છે અને સોલાર લગાવવા છે, પરંતુ સોફ્ટવેરની અંદર અપડેટ થયું ન હોવાને કારણે આવું શકય થતું નથી. બેન્કિંગ ચાર્જ માટે સમસ્યા છે, ખોટી રીતે ચાર્જ લેવામાં આવી રહ્યો છે. બેન્કિંગ ચાર્જ ગણતરીમાં ભૂલ છે.

» ઇન્ડસ્ટ્રીની જરૂરિયાત વધી છે ત્યારે નાના ટ્રાન્સફોર્મર ઇન્ડસ્ટ્રીમાંથી કાઢી નાંખવા જોઇએ.

» કીમ - પીપોદરામાં વારંવાર વીજળી જવાને કારણે સામાન્ય જર્કથી ઉદ્યોગકારોને વર્ષ દરમ્યાન કરોડો રૂપિયાનું નુકસાન થાય છે.

» અંજની ઇન્ડસ્ટ્રીઝમાં સોલાર કેપ્ટીવ કન્ઝમ્પશનમાં મેગાવોટ દીઠ ચાર્જીસ લેવામાં આવે છે. કેપેસિટી રિડકશન કરવાના ચાર્જ નહીં લેવા માટે રજૂઆત કરાઇ હતી.

» બારડોલીમાં કેજરીવાલ એસ્ટેટમાં મહિનામાં દસથી બાર કલાક માટે પાવર કટ થાય છે, ત્યાં ઉદ્યોગકારોને એકસપ્રેસ લાઇનની જરૂરિયાત છે. ઇન્ડસ્ટ્રી માટે લાઇન અલગ કરવા રજૂઆત કરાઇ હતી.

» સોલાર સબ સ્ટેશન માટેના પાવર ડીજીવીસીએલ પોતાની પાસે રાખે, જર્કમાં અપીલ કરીએ તો ચારથી પાંચ મહિના સુધી હિયરીંગ થતું નથી.

» વ્યકિત જ્યારે જમીન અને બિલ્ડિંગની ખરીદી કરે છે ત્યારે તેનું જૂનું પેન્ડીંગ લાઇટ બિલ નવા માલિક પાસેથી વસૂલ કરવામાં આવે છે, આ મામલે ઘટતું કરવા રજૂઆત કરાઇ હતી.

સરકારી ટેન્ડરનું પોલિટિક્સ : ભાટપોરની સાંઈ એન્ટરપ્રાઈઝે વ્યારાની કંપનીને 10 લાખમાં છેતરી

ટેન્ડરમાં સાંઈ એન્ટરપ્રાઈઝ વ્યારાની કંપનીથી નીચે બીજા ક્રમે આવતા સ્વમાન ઘવાયું ને 10 લાખ ગજવે ઘાલી માલની ડિલિવરી પણ કરી નહીં

સુરતઃ તાપી જિલ્લાના વ્યારા તાલુકાના ચાંપાવાડી ગામ, ઉપલું ફળીયું ખાતે રહેતા ૩૭ વર્ષીય રાજેન્દ્રસિંહ મોહનલાલ ચૌહાણ મેરાલી યાહા એન્ટરપ્રાઈઝ ઓપીસી પ્રા.લી નામની કંપની ચલાવે છે. તેમની કંપની ઓલ ઈન્ડીયામાં સરકારી કચેરીઓના ટેન્ડર મેળવી સમય મર્યાદામાં સરસામાન પહોંચાડે છે. ૧૪ ડિસેમ્બર ૨૦૨૪ના રોજ તેમની કંપનીના પ્રોજેક્ટ મેનેજર ધનજંયસિંહ મોહનલાલ ચૌહાણને સુરતના ઈચ્છાપોર જી.આઈ.ડી.સી ભાટપોરની સાંઈ એન્ટરપ્રાઈઝ દ્વારા વિવિધ પ્રકારના ફર્નિચર ઉત્પાદન કરાતું હોવાનું જાણવા મળ્યું હતું. જેથી તેમની કંપનીના મેનેજર દ્વારા સાંઈ એન્ટરપ્રાઈઝ કંપનીના પ્રોપ્રરાઈટર કાર્તિકકુમાર રમેશચંદ્ર મુજડીયા (રહે, રોયલ રેસીડેન્સી, આનંદ મહલ રોડ, અડાજણ)નો મોબાઈલ ઉપર સંપર્ક કરતા તેઓએ પીપલોદ ઈન્ટરનેશન બીઝનેસ સેન્ટરમાં સ્ટાર બક્સ કોફી કેફેમાં મળવા બોલાવ્યા હતા. જેથી રાજેન્દ્રસિંહ અને ધનંજયસિંહ તેમને મળવા માટે ગયા હતા. ત્યાં કાર્તિકકુમારે ક્વોટેશન આપ્યું હતું, જેમાં એક બંક બેડના રૂ.૧૪,૨૮૦ કહ્યા હતા અને સમગ્ર ઓર્ડરની સોફ્ટ કોપી વોટ્સઅપ કરી હતી. જેમાં પાછળથી કોઈપણ જાતનો ફેરફાર કર્યા વગર કંપનીના લેટરપેડ ઉપર વર્કે ઓર્ડરની કોપી મોકલી પણ આપી હતી. ઓર્ડરના ૫૦ ટકા પેમેન્ટ એડવાન્સમાં આપવાની સાથે ૬૦ દિવસમાં સામાનની ડીલીવરી કરી આપવાનું કહ્યું હતું.

રાજેન્દ્રસિંહે ઓર્ડરના ટોકન પેટે એડવાન્સમાં ૧૦ લાખ પણ ચૂકવી આપ્યા હતા. ત્યારબાદ રાજેન્દ્રસિંહ દ્વારા ૪ જાન્યુઆરીના રોજ ઓનલાઈન ટેન્ડર રીવર્સ ઓકશન પબ્લિશ કરવામાં આવ્યું હતું. જેમાં બીડર તરીકે રાજેન્દ્રસિંહની કંપની સહિત અન્ય ત્રણ કંપની પણ હતી, જેમાં ટેન્ડર રાજેન્દ્રસિંહની કંપનીને મળ્યું હતું. ટેન્ડરની રેફરન્સ કિંમત રૂ.૪૬,૮૨,૧૦૮ હતી, જેમાં રાજેન્દ્રસિંહની કંપનીએ નીચા ભાવે બીડ કિંમત રૂ.૪૫,૦૪,૬૦૦ રેફરન્સ મૂકી હતી. કંપની દ્વારા નીચા ભાવે બીડ પ્રાઈઝ કિંમત રૂ.૪૫,૦૪,૬૦૦ ભરવાની હતી. રીવર્સ ઓકશનની પ્રક્રિયામાં ૧૫થી વધુ પ્રયાસોથી ટેન્ડરના ભાવ નીચા કરવામાં આવ્યા હતા. જેમાં રાજેન્દ્રસિંહની કંપનીએ નીચો ભાવ રૂ.૪૧,૦૩,૨૦૦ ભરવામાં આવ્યો હતો.

આ ટેન્ડર રાજેન્દ્રસિંહની કંપનીને મળ્યું હતું, જ્યારે બીજા નંબરની કંપની કાર્તિકકુમારની હતી. સરકારની ખરીદ નીતિ મુજબ ઉત્પાદન કરતા બીડર બીજા નંબર આવેલા હોવાથી કુલ ખરીદીના ૨૫ ટકા ખરીદી એલ-૧ આવેલી એજન્સીના ભાવે એલ-૨ બીડરને આપવાનું પ્રાવધાન હોય છે. આ ટેન્ડર નહીં મળતા કાર્તિકકુમારનું સ્વમાન ઘવાયું હતું અને ત્યારબાદ રાજેન્દ્રસિંહ અને તેના મેનેજર ધનંજયસિંહ સાથે વાતચીત બંધ કરી દેવાની સાથે મોબાઈલ અને વોટ્સઅપ નંબર બ્લોક કરી અગાઉઆપેલા ઓર્ડરના સરસામાન પણ સમય મર્યાદામાં પુરા પાડી નહીં શકે તેવી પરિસ્થિતિનું નિર્માણ કરી, એડવાન્સ પેટે લીધેલા ૧૦ લાખ પણ પરત નહીં કરી છેતરપિંડી કરી હતી.

અનુસંધાન ... પાના છેલ્લાનું

હાંસોટમાં ભાઈને...

હતી અને 26મી જૂન સુધી હાંસોટ રોકાવાની હતી. જો કે, સરકારના નવા નિર્ણયના કારણે તેમને અટારી બોર્ડર થઈને પાકિસ્તાન મોકલી આપ્યા છે.

હાંસોટ પોલીસ વિભાગના PI કે.વી. લાકોડે જણાવ્યું હતું કે કેન્દ્ર સરકારના નિર્ણયના પગલે શાહીદાબીબીને નિર્ધારિત સમય કરતા વહેલા પાકિસ્તાન મોકલી આપવામાં આવ્યા છે.

સુરત પોલીસે...

મળે ત્યાં સુધી આગળની કાર્યવાહી કરવામાં આવશે નહીં. સૂચના મળ્યા બાદ આગળની કાર્યવાહી હાથ ધરવામાં આવશે.

સુરત પોલીસ કમિશનર અનુપમસિંહ ગહેલોત દ્વારા જણાવવામાં આવ્યું છે કે સ્પેશિયલ બ્રાન્ચ દ્વારા પાકિસ્તાની નાગરિકોની માહિતી એકત્ર કરવામાં આવી રહી છે. ગૃહ વિભાગ દ્વારા આપવામાં આવેલી સૂચનાઓના આધારે તપાસ શરૂ કરવામાં આવી છે. સુરત શહેરમાં કેટલા પાકિસ્તાની નાગરિકો વસે છે? શહેરમાં કેટલા લોકો ટૂરીસ્ટ વિઝા પર છે? સ્ટુડન્ટ વિઝા પર છે? અને લોંગ ટર્મ વિઝા પર કેટલા લોકો વસે છે? વગેરે માહિતી એકત્રિત કરીને ગુજરાત ગૃહ વિભાગને આપવામાં આવશે. આ માહિતી આપ્યા પછી ગૃહ વિભાગની સૂચનાઓના આધારે આગળ પોલીસ કામગીરી હાથ ધરશે.

ગુજરાતમાંથી સાત...

દરમ્યાન ગુજરાત યમાંથી સાત પાક નાગરિકોને પરત મોકલવામા આવ્યા છે, તેઓના ભારતની મુલાકાત માટેના પહેલગામ આતંકી હુમલા બાદ તાત્કાલિક અસરથી રદ કરી દેવામાં આવ્યા છે. અમદાવાદમાં 5, વડોદરામાંથી 1 અને ભરૂચમાંથી 1 પાક નાગરિકોને પરત મોકલી દેવામાં આવ્યા છે. ગુજરાતમાં 438 પાક. નાગરિકો છે. પંજાબની અટ્ટારી બોર્ડર પરથી 191 પાક નાગરિકેને પોતાના દેશમાં પાકિસ્તાનમાં મોકલવામાં આવ્યા છે.દુશ્મન દેશનું કોઈ પણ ગુજરાતમાં ના રહી જાય તે માટે ગૃહ વિભાગ દ્વારા કડકાઈથી પગલા લેવાઈ રહ્યાં છે.

વાપીની આસપાસ...

લઘુત્તમ તાપમાન 26.4 ડિગ્રી યથાવત રહ્યું હતું. હવામાં 46 ટકા ભેજની સાથે 6 કિલોમીટરની ઝડપે દક્ષિણ-પશ્ચિમનો પવન ફુંકાયો હતો. રાજ્યમાં આગામી ચાર દિવસોમાં તાપમાનમાં કોઈ ફેરફાર નહીં થાય એવું હવામાન વિભાગનું કહેવું છે. જોકે ચાર દિવસ બાદ રાજ્યમાં મહત્તમ તાપમાનમાં બેથી ત્રણ ડિગ્રી વધારો થશે.આગામી ચાર દિવસ પછી રાજ્યના લોકોએ હજી પણ કાળઝાળ ગરમી માટે તૈયાર રહેવું પડશે.

ભારતની પ્રથમ...

'GOPIN' પણ લખાવ્યું છે. આ સાયબરટ્રકનું ફાઉન્ડેશન મોડેલ છે. જે લિમિટેડ એડિશન છે.

લવજીભાઈ બાદશાહ અને તેમના બે પુત્રો પૈકી પિયુષએ આ કાર અંગે જણાવ્યું હતું કે, આ ભારતની પ્રથમ સાયબરટ્રક કાર છે. ભારતમાં આ કાર મળતી નથી. જેથી અમેરિકાથી તેમણે દૂબઈ મંગાવી હતી અને બાદમાં દુબઈથી તે સુરત સુધી લાવવામાં આવી છે. આ કારને 5 કલાક ચાર્જિંગ કરી શકાય છે અને તેનાથી તે 550 કિ.મી. સુધી ચાલે છે. આ કારમાં 3.2 સેકન્ડમાં જ ઝીરોથી 100 કિ.મી.ની ઝડપ સુધી પહોંચી શકાય છે. અંદર એક જ સ્ક્રીનમાં તમામ સિસ્ટમનો સમાવેશ કરવામાં આવ્યો છે. આ કાર મોબાઈલથી ચાલે છે.

ટેસ્લાની જે ઓટોમેટિક કાર છે તેમાં આ સૌથી ફાસ્ટ કાર છે. આ સાયબરટ્રકની ડિઝાઈન એકદમ અલગ છે. જાણે કોઈ સુપરહિરોની કાર હોય તેવો તેને લુક આપવામાં આવ્યો છે. આ સાયબરટ્રક 30 ગણા મજબૂત સ્ટેનલેસ સ્ટીલથી બનેલી છે, જેના કારણે એ અત્યંત ટફ છે. તેમાં કોઈ જ ગોળ સપાટીઓ નથી. આ સાયબરટ્રકમાં ખાસ બુલેટપ્રૂફ ગ્લાસ છે. આ ડિઝાઇન અન્ય કારની ડિઝાઇન કરતાં અલગ છે. આ કારની એડજસ્ટેબલ એર સસ્પેન્શન સિસ્ટમથી દરેક રસ્તા પર આરામથી પસાર થઈ શકાય છે. ઉલ્લેખનીય છે કે, આ કારની આમ તો કિંમત 51 લાખ છે પરંતુ બાદશાહ પરિવારને તે અમેરિકાથી દુબઈ અને ત્યાંથી સુરત લાવવામાં બેથી અઢી કરોડમાં પડી છે.

સાયબરટ્રકનું આ...

સ્વ-ડ્રાઇવિંગ છે. આવી સાયબરટ્રક માત્ર 25 હજાર જ બનાવવામાં આવી હતી. તેની કિંમત પણ અન્ય મોડલ કરતાં વધારે છે.

આઈટીના ડે.કમિ...

સંડોવણી દેખાઈ હતી. ફરિયાદમાં એવો આરોપ મૂકવામાં આવ્યો હતો કે આવકવેરા વિભાગે ગયા વર્ષે અગ્રવાલ પર શોધખોળ હાથ ધરી હતી અને તેમના ફોનના વિશ્લેષણ દરમિયાન એવું બહાર આવ્યું હતું કે ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ્સનું એક નેટવર્ક છે જે ફેસલેસ એસેસમેન્ટ સિસ્ટમમાં કામ કરતા મૂલ્યાંકન અધિકારીઓની ઓળખ છતી કરી રહ્યું છે અને અનુચિત લાભો લઈ રહ્યું છે. ફરિયાદ અને PE તારણો, જે હવે FIRનો ભાગ છે, તેમાં આરોપ મૂકવામાં આવ્યો છે કે અગ્રવાલ, પોતે અથવા અન્ય CA અને ખાનગી વ્યક્તિઓ દ્વારા, કરદાતાઓનો સંપર્ક કર્યો હતો અને ચોક્કસ નાણાકીય લાભના બદલામાં તેમના પક્ષમાં પેન્ડિંગ કેસોનો નિકાલ કરવાની ઓફર કરી હતી. ફરિયાદ દસ્તાવેજોમાં જણાવાયું છે કે તેમણે રાજકીય નેતા હોવાનો દાવો કર્યો હતો અને વિવિધ સરકારી વિભાગો માટે સંપર્ક એજન્ટ તરીકે કામ કરવાનો દાવો કરવા ઉપરાંત, ભાજપના નેતાઓ માટે પ્રચાર કર્યો હતો. તેમના ફોનના વિશ્લેષણમાંથી, કર વિભાગને એક નંબર સાથેની ચેટ પણ મળી, જે અગ્રવાલે વિજયેન્દ્ર આર.નો હોવાનો દાવો કર્યો હતો. ચેટ દર્શાવે છે કે ફેસલેસ કાર્યવાહીમાં વિવિધ પેન્ડિંગ કેસોમાં રકમ સાથે, મૂલ્યાંકન અધિકારીઓ (AOs) અને મુદ્દાઓ સંબંધિત માહિતી વિજયેન્દ્ર દ્વારા અગ્રવાલ સાથે શેર કરવામાં આવી હતી, કર વિભાગે આરોપ લગાવ્યો છે. 'આ માહિતી ત્યારબાદ દિનેશ કુમાર અગ્રવાલે વિવિધ CAs સાથે શેર કરી હતી જેથી ફેસલેસ AOs/CsIT(A) સાથે અનુકૂળ સમાધાન માટે રસ ધરાવતા કરદાતાઓ સાથે સંકલન કરી શકાય', એવું તેમાં જણાવાયું છે. CBIના PEને જાણવા મળ્યું કે વિજયેન્દ્ર અને નિરીક્ષકોએ કથિત રીતે અગ્રવાલ સાથે સંવેદનશીલ માહિતી શેર કરી હતી, જેના પગલે તેમની સામે કેસ દાખલ કરવામાં આવ્યો હતો

કાયબા ગતિએ...

ડેવલપ કરવા માટે 486 કરોડનો ખર્ચ કરવામાં આવશે. આ પ્રોજેક્ટના કારણે ગઢપુર રોડ, સુરત કામરેજ રોડ મોટા વરાછા, ભરથાણા, કોસાડની નવી કનેક્ટિવિટી મળશે. આ ઉપરાંત આ રોડના કારણે અંદાજે 10 કિલોમીટર અંતરમાં પણ ઘટાડો થશે. આઉટર રિંગ રોડની કામગીરીમાં ચોમાસા દરમિયાન કેટલીક મુશ્કેલી પડી હતી, તે આગામી ચોમાસામાં નહી પડે તેવું આયોજન મનપા દ્વારા કરાઈ રહ્યું છે.

ઘોડદોડ રોડના...

કમેન્ટ્સ માત્ર તેમના તેમજ તેમના પતિ પૂરતાં જ સીમિત ન હતા, પણ તેમના સસરા, નણંદ અને માતા-પિતાને પણ આઈડીમાંથી રીક્વેસ્ટ મોકલવામાં આવી હતી. જોકે, કોઈએ તે સ્વીકારી નહોતી. તે સમયે તેમના પતિ વિદેશ હતાં. જેથી તેમણે પોલીસ ફરિયાદ કરવા જણાવ્યું હતું. મહત્વપૂર્ણ બાબત એ છે કે આ મોડેલે અગાઉ પણ આ પરિણીતાના પતિ સામે દુષ્કર્મનો ગુનો નોંધાવ્યો હતો. જોકે, ત્યાર બાદ બંને વચ્ચે સમાધાન થઈ ગયું હતું. આરોપ છે કે સમાધાન છતાં ફરી એકવાર આ મોડેલે સોશિયલ મીડિયાને હથિયાર બનાવી આ દંપતિના નામે ફેક એકાઉન્ટ બનાવી સોશિયલ પ્લેટફોર્મ પર તેમની આઈડી બનાવી માનસિક ત્રાસ આપી રહી છે.

આ ફેક આઈડીમાંથી પોસ્ટ થયેલ તમામ ફોટાના સ્ક્રીનશોટ કાઢી તેઓએ પુરાવા સ્વરૂપે પોલીસને સોંપ્યા છે. પોલીસે આ મામલે પોલીસે તેમની ફરિયાદ લઈ મોડેલ આંચલ સિંઘ વિરૂદ્ધ ગુનો નોંધી વધુ તપાસ હાથધરી છે.

જિલ્લા વહીવટી તંત્રની આગોતરી તૈયારી, જનસેવા કેન્દ્રો માટે વિશેષ સમર ટાઈમ પ્લાનિંગ

જનસેવા કેન્દ્રો સવારે ૭થી રાત્રે ૯ સુધી બે શિફ્ટમાં ચાલશે

વિદ્યાર્થીઓ અને અરજદારો માટે વધુ સુગમ સેવા માટે બે નવા હંગામી કેન્દ્રો પણ કાર્યરત

વધારાના નાયબ મામલતદાર, ઓપરેટર અને તલાટીના સ્ટાફની નિમણૂકઃ પ્રાંત અધિકારી વિક્રમ ભંડેરી

મંડપની વ્યવસ્થા ઉપરાંત અરજદારો, સિનિયર સિટિઝન્સને બેસવા માટે બાકડા, પાણી, મંડપની વ્યવસ્થા

સુરતઃ ઉનાળાની ઋતુમાં વિદ્યાર્થીઓ અને અરજદારોની વધતી જતી ભીડને ધ્યાનમાં લઈને સુરત શહેરના છ તાલુકાના જનસેવા કેન્દ્રો પર સગવડભર્યો માહોલ ઊભો કરવા જિલ્લા વહીવટીતંત્રએ મજબૂત આયોજન કર્યું છે. સુરત દક્ષિણના પ્રાંત અધિકારી વિક્રમ ભંડેરીની અધ્યક્ષતામાં યોજાયેલી પ્રેસ કોન્ફરન્સમાં આ વિગતો જાહેર કરવામાં આવી હતી.

પ્રશાસન દ્વારા તમામ જનસેવા કેન્દ્રોમાં વધારાના નાયબ મામલતદાર, ઓપરેટર અને તલાટીની નિમણૂક કરાઈ છે. અરજદારોને સમયસર સેવાઓ મળી રહે એ માટે બે શિફ્ટમાં કેન્દ્રો કાર્યરત રહેશે. સવારે ૯ થી બપોરે ૩ અને બપોરે ૩ થી રાત્રે ૯ સુધી કેન્દ્રો ચાલુ રહેશે. દરેક કેન્દ્રમાં વધુ કમ્પ્યુટરો અને પ્રિન્ટરો પણ ઉમેરાયા છે. ઉનાળાની તીવ્ર ગરમીમાં રાહત મળે તે હેતુથી જનસેવા કેન્દ્રો પર પીવાના પાણી, મંડપ અને સીનિયર સિટિઝન્સ સહિત અરજદારો માટે બેસવાની ખાસ વ્યવસ્થા કરવામાં આવી છે. ખર્ચ માટે વધારાની ગ્રાન્ટ ફાળવવામાં આવી છે.

વિદ્યાર્થીઓ માટે જરૂરી દાખલાઓ (જાતિ, આવક, નોન-ક્રિમિલેયર, વગેરે) માટે અગાઉથી જ સ્કૂલોને પત્ર આપીને સૂચિત કરાયા હતા. જેના પરિણામે 50 ટકા અરજીઓનું કાર્ય પહેલેથી જ પૂર્ણ થઈ ચૂક્યું છે. એપ્રિલથી જુલાઈ ૨૦૨૪ દરમિયાન માત્ર પુણા મામલતદાર કચેરીએ ૪૦,૦૦૦થી વધુ પ્રમાણપત્રો આપવામાં આવ્યા હતા.

પૂણા અને કતારગામમાં બે નવાં હંગામી જનસેવા કેન્દ્રો શરૂ કરાયા

» પૂણાઃ ભાતની વાડી, મિની બજાર અને પુણા ગામ (તળાવ પાસે)

» કતારગામઃ નાનપુરા બહુમાળી ભવન અને આંબાતલાવડી યોગા હોલ (SMC વોર્ડ 7)

50 ટકા દાખલાઓનું કામ એડ્વાન્સમાં પૂર્ણ કરી દેવાયું

અગાઉથી જિલ્લા શિક્ષણાધિકારી દ્વારા દરેક સ્કૂલોને પત્ર લખવામાં આવ્યો હતો, જેથી વાલીઓ દ્વારા બહોળી સંખ્યામાં દાખલાઓ કાઢવામાં આવ્યા હતા. જેથી 50 ટકા દાખલાઓનું કામ થઈ ચૂક્યું હોવાનું તેમણે કહ્યું હતું. નોંધનીય છે કે, ગત 2024ના વર્ષ દરમિયાન પુણા મામલતદાર કચેરી ખાતે એપ્રિલ મહિના દરમિયાન 7199, મે-15975, જુનમાં 15458 અને જુલાઈમાં 4398 જેટલા આવક, જાતિ, નોન ક્રિમીલેયર, ઈ.ડ્લયુ.એસ. સર્ટીફિકેટ સહિતના દાખલાઓ કાઢી આપવામાં આવ્યા હતા.

એપ્રિલથી જુલાઈ મહિના દરમિયાન હંગામી વ્યવસ્થાઓ ઊભી કરાઈ

સુરત પ્રાંત નોર્થમાં કતારગામ, અડાજણ અને અબ્રામા તાલુકામાં અને પ્રાંત સાઉથમાં મજુરા, પુણા અને ઉધનામાં કાર્યરત છે. અરજદારોને સરળતાથી પ્રમાણપત્રો મળી રહે એ માટે એપ્રિલથી જુલાઈ મહિના દરમિયાન હંગામી વ્યવસ્થાઓ ઉભી કરવામાં આવી છે. જનસુવિધા કેન્દ્રોમાં અરજદારોને સુવિધાઓ પુણા અને કતારગામ ખાતે કાર્યરત કરવામાં આવી હોવાની વિગતો આપવામાં આવી છે.

એજન્ટની ફરિયાદ મળી તો સીધી કાર્યવાહી થશે

તેમણે વધુમાં કહ્યું કે, આ વર્ષે આગોતરૂં આયોજન કરીને ગત બે મહિનામાં બહોળી સંખ્યામાં દાખલાઓ કાઢી આપવામાં આવ્યા છે. કોઈ પણ એજન્ટની ફરિયાદ મળશે તો તત્કાલ કાર્યવાહી કરવામાં આવશે.

ગુજરાત ૬...

10	કચ્છ-પશ્ચિમ-ભુજ	50	-	50
11	ખેડા-નડિયાદ	7	-	7
12	ગાંધીનગર	8	-	8
13	ગીર સોમનાથ-વેરાવળ	21	-	21
14	છોટાઉદેપુર	1	-	1
15	જામનગર	31	-	31
16	જુનાગઢ	36	-	36
17	ડાંગ-આહવા	0	0	0
18	તાપી-વ્યારા	0	0	0
19	દાહોદ	4	-	4
20	દેવભૂમિ દ્વારકા	3	-	3
21	નર્મદા-રાજપીપળા	0	0	0
22	નવસારી	6	-	6
23	પંચમહાલ-ગોધરા	23	-	23
24	પાટણ	2	-	2
25	પોરબંદર	6	-	6
26	બનાસકાંઠા-પાલનપુર	3	-	3
27	બોટાદ	0	0	0
28	ભરૂચ	16	1	17
29	ભાવનગર	0	0	0
30	મહીસાગર-લુણાવાડા	0	0	0
31	મહેસાણા	6	-	6
32	મોરબી	0	0	0
33	રાજકોટ ગ્રામ્ય	22	-	22
34	વડોદરા ગ્રામ્ય	2	-	2
35	વલસાડ	6	-	6
37	સાબરકાંઠા-હિમતનગર	0	0	0
38	સુરત ગ્રામ્ય	8	-	8
39	સુરેન્દ્રનગર	5	-	5
40	વે.રે. અમદાવાદ	0	0	0
41	વે.રે. વડોદરા	0	0	0
	Total	438	7	445

જૂનાગામ, સુંવાલી અને રાજગરી ગામનાં તળાવો ભરવાના કામનું આજે ખાતમુહૂર્ત, 417 લાખ ખર્ચાશે

સુરતઃ નહેર આધારીત પાઈપલાઈન મારફતે જુનાગામ, સુંવાલી અને રાજગરી જેવાં ગામોના હરીયાળા વિકાસ માટે ગામોના તળાવ ભરવાના કામોનું ખાતમુહૂર્ત આવતીકાલે શનિવારે વન